જ્ઞાનમાળા

અથવા

શિક્ષામાળા.

શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપે



કીંમત ૦-૩-૦.

શ્રી કૃષ્ણજી અને અરજુનના સંવાદરૂપી
ગુજરાતી કોપીરાઇટ-સંગ્રહ

શ્રી જ્ઞાનમાળા અથવા શિક્ષામાળા.

એક દીવસે પરીક્ષતરાજા રાજ્ય સભા કરીને બેઠા હતા ત્યાં શ્રી વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી પધાર્યા તે જોઇને રાજા પરીક્ષત આસન ઉપરથી ઉભા થઇ ઋષીના ચરણારવીંદમાં પડી સાષ્ટાંગદંડવત કરી બહુ આદરસત્કાર સહીત પોતાના સુંદર ભુવનમાં લઇ જઈ રત્નજડીત સીંહાસન ઉપર બેસાડી ચરણારવીંદ ધોઇને ચરણોદક લીધું. પછી વીધીપુરવક પુજન કરીને નાનાં પ્રકારનાં ભોજન કરાવ્યાં તેથી શ્રી શુકદેવજીએ પ્રસન્નતા સહીત રાજા પરીક્ષતની ભક્તીના બહુ વખાણ કર્યાં ત્યારે રાજાએ બે હાથ જોડી વીનતી કરી કે હે કૃપાસિંધુ ભવભય ભંજન ભગવાન! આપની અતી કૃપા વડે સદા વેદ તથા પુરાણ સાંભળવાથી મારૂં હૃદય પ્રફુલીતથી પ્રકાશ પામ્યું છે પરંતુ હવે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થયો છે કે સંસારમાં ઉંચ તથા નીચ એ બે કરમ છે—તો કૃપા કરીને આ બે કરમના ભેદ પૃથક પૃથક મને કહો અને મારા મનની શંકાઓનું નીવારણ કરો.

રાજાનો આ પ્રશ્ન સાંભળીને, શ્રી શુકદેવજીએ પ્રસન્ન થઇને આજ્ઞા કરી કે હે રાજા! તારા પ્રશ્નથી સંસારી મનુ-

ળ્યોને મોટો લાભ છે અને જે સંદેહ તારા મનમાં ઉપજ્યો છે તેજ સંદેહ એક વખત અરજુનના મનમાં પણ ઉત્પન્ન થયો હતો. તેજ સંદેહનો ઉત્તર જેવી રીતે શ્રી કૃષ્ણજીએ આપ્યો હતો, તેજ હું તારા આગળ કહું છું તે સા- વધ થઈને સાંભળ.

એક દીવસ પ્રાતઃકાળમાં શ્રીકૃષ્ણજી ફરતા ફરતા અર- જુનના મુકામપર પધાર્યા, ત્યાં ખબર મળી કે અરજુન સુતો છે. આ વાત સાંભળી શ્રીકૃષ્ણજી આશ્ચર્ય પામ્યા. આવે વખતે સ્વપ્નામાં અરજુને પણ શ્રીકૃષ્ણને જોયા કે તુરત જાગી ઉઠયા, એવામાં સેવકોએ આવીને કહ્યું કે હે પૃથ્વી- પતી ! આપણે ઘેર શ્રીકૃષ્ણજી પધાર્યા છે. આ સાંભળીને અરજુન એકદમ દોડી શ્રી કૃષ્ણજીના ચરણારવીંદમાં પડ્યા અને દંડવત કરી સ્થીર થઈ વિનંતી કરી કે હે સચ્ચીદા- નંદ જગદીશ ! આ અપરાધ મારાથી અજાણમાં થયો છે તો આપ કૃપા કરી ક્ષમા કરશો. આ સાંભળી શ્રી કૃષ્ણજીએ અરજુનને કહ્યું કે હે અરજુન ! તું મહા બુદ્ધિમાન્ અને જ્ઞાની છે. તેથી તું આ વખતે સ્વપ્ન અવસ્થામાં મને જોઇને બહુ સોચ કરે છે, કેમકે મનુષ્ય દેહ ઘણી મુસ્કેલાઈથી પ્રાપ્ત થાય છે, તેથી કરીને આ મનુષ્ય દેહ છે એવું જાણીને આવે વખતે બુધ્ધીમાન પુરૂષને સુવું ઉચીત નથી.

શ્રી કૃષ્ણનો આવો લાભકારક ઉપદેશ સાંભળી અરજુને

હાથ જોડી વીનંતી કરી કે દીન બંધુ! દીનાનાથ આપ પરમ કૃપાળુ છો તેથી આપના દાસથી જે અજાણે અપરાધ થયો છે, તે કૃપાદ્રષ્ટિથી નીહાળી ક્ષમા કરી બીજા જે ઉપદેશો કે જે મનુષ્ય દેહધારીઓને હીતકારો છે, તેનું જ્ઞાન થવા માટે સેવકને આજ્ઞા કરો કે ક્યા ક્યા અહીતકારી કરમનો ત્યાગ કરવો જરૂરનો છે? ત્યારે શ્રીકૃષ્ણજીએ ઉત્તર આપ્યો કે હે અરજુન! તું મારો પરમ ભક્ત છે અને તેથીજ હું તને મારો મીત્ર જાણીને જે ગુપ્ત ઉપદેશો છે, જેને દેવતાઓ પણ જાણી શકતા નથી તે હું આજ તને કહું છું તે ચીત્ત રાખીને સાંભળ. આ અમુલ્ય ઉપદેશો તું અથવા બીજા મનુષ્ય દેહધારીઓ સાંભળીને અંગીકાર કરશે તો તે પાપના બંધનથી મુક્ત થશે ને અંતકાળે સ્વર્ગે જઇ નીવાસ કરશે.

શિક્ષા ૧લી—હે અરજુન! પ્રાતઃકાળે જે વખત સૂર્ય ઉદય થાય છે, તે વખત મનુષ્યને સુવું ઉચીત નથી કેમકે રાત્રીના ચોથા પહોરમાં સૂર્યને તથા દૈત્યને યુદ્ધ થાય છે; તેમાં એંસી હજાર દૈત્યને મારી સૂર્ય ઉદય પામે છે અને દૈત્યના જીવ પાછા સજીવન થાય છે, એટલા માટે મનુષ્યોએ વીચારવું જોઇએ કે બે ઘડી વહેલા ઉઠી પરમ દયાળુ પરમેશ્વરના ધ્યાન મનમાં લાવી ભજનાનંદમાં મગ્ન રહેવું અને સુર્ય ઉદય થાય ત્યારે સ્નાન કરીને શ્રી સુર્ય-

નારાયણને જળ અર્પણ કરી દંડવત કરવા અને પીતૃદેવતાને પણ જળ અર્પણ કરવું તેથી સુર્ય દેવતા તથા પીતૃદેવતા બળવાન થઈ પ્રસન્નતાથી આશીષ આપે છે માટે જે મનુષ્ય આ વીધીને અંગીકાર કરશે તે આ લોક તથા પરલોકના સુખોનો ભોગી થશે.

શિક્ષા ૨જી—હે અરજુન! પોતાના બીછાના ઉપર પોતાની સ્ત્રી શીવાય બીજા કોઈની સાથે સુવું નહીં કેમકે પોતાની સ્ત્રી તો અર્ધાંગી (પાપ પુણ્યની સાથી) છે, આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે કૃપાળુ કરૂણાનીધાન! કોઈ અતિથી આપણે ઘેર આવે ને તેની પાસે બીછાનું ન હોય ત્યારે શું કરવું! શ્રીકૃષ્ણજીએ કહ્યું કે આવનાર મનુષ્ય પોતાનું વસ્ત્ર પોતાના અંગ સમાન બીછાવેલા બીછાના ઉપર પાથરીને સુઈ રહે તો દોષ નહી.

શિક્ષા ૩જી—હે અરજુન! વીધવા સ્ત્રીના હાથની રસોઈ જમવામાં ઘણો દોષ છે કેમકે જે સ્ત્રીનો ધણી મરી જાય છે સ્ત્રી અર્ધી બળેલા મડદાની માફક થઈ જાય છે. એટલા માટે તેના હાથની રસોઈ જમવાથી બહુ પાપ છે, અને અંતકાળે મુકતી મળતી નથી.

શિક્ષા ૪થી—હે અરજુન! સંધ્યા વખતે જે મનુષ્ય ઘરના આંગણામાંથી ઝાડું કાઢે તે નક્કી દરીદ્રી થાય છે, કેમકે આ વખતે લક્ષ્મીજી ઘરમાં ગમન કરે છે

તેથી જેના હાથમાં લક્ષ્મીજી ઝાડુ દેખે છે તે ઘરમાં ફરીથી કોઇ વખત ગમન કરતા નથી.

શિક્ષા ૫ મી—હે અરજુન! જે મનુષ્ય એકાદશી વગેરે વ્રત ધારણ કરી સ્ત્રીનો સંગ કરે તો તે વ્રતનું ફળ મળતું નથી. આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે સચ્ચીદાનંદ આનંદરૂપ! હે વિશ્વબ્રહ્મ વિહારણ જગતાત! વ્રતના દીવસે જે સ્ત્રી રજસ્વલાના દોષથી મુક્ત સ્નાન કરે છે ત્યારે પુરૂષ તેનો સંગ ન કરે તો પાતકી થાય અને સંગ કરે તો વ્રત નીષ્ફળ થાય ત્યારે તેણું કેમ કરવું? આ પ્રશ્નના જવાબમાં શ્રી કૃષ્ણજીએ કહ્યું કે અરધી રાત ગયા પછી સંગ કરે તો દોષ નથી કેમકે રાત્રીના બે પાછલા પોહોર આગલા દીવસની ગણત્રીમાં આવે છે, તેથી દોષ લાગતો નથી.

શિક્ષા ૬ ઠી—હે અરજુન! આગલી રાત્રીએ દીવાની વાટ પડેલી રહી હોય તેને તે પાછી બીજે દીવસે સળગાવે તો તેમાં મહા પાપ છે. આવા પાપથી તે માણસની સ્ત્રી ઘણા કાળ સુધી વાંઝણી રહે છે. આ શીક્ષા સાંભળી અરજુને શ્રીકૃષ્ણ ભગવાનને વિનંતી કરી કે હે અનાથના નાથ દયાસીંધુ વાસુદેવ! આપે જે શીક્ષા કહી તે સાંભળવાથી દાસના મનમાં અતિ આનંદ થયો છે. કૃપા કરીને બીજી કોઇ આજ્ઞા કરો.

શિક્ષા ૭ મી—હે અરજુન ! સૂર્ય નારાયણના સન-મુખ રહીને દાતણ તથા કોગળા વીગેરે કરવા નહી, તેમ અગ્ની અને જળમાં પણ કોગળા કરવા નહી કેમકે તેમ ક્યોથી અંતકાળે નર્કમાં પડવું પડે છે કેમકે દેવતાઓમાં આ ત્રણે દેવતાઓ મોટા મનાય છે તેથી જે મનુષ્ય આ ત્રણ દેવતાઓનું પ્રીતીથી પુજન કરે તો તેને યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ઘનશ્યામ ચતુર્ભુજ સ્વરૂપ ! એ ત્રણે દેવતાઓનું પૂજન કઇ વીધીથી હમેશાં કરવું જોઇએ, તે કૃપા કરીને કહો શ્રી કૃષ્ણજીએ કહ્યું કે—આદીતવારે સૂર્યનારાયણનું વ્રત ધારણ કરવું, અને વ્રત ન રાખી શકાય તો તે દીવસે ફળ અહાર કરવો પણ અનાજ ખાવું નહી હવે અગ્ની દેવતાની પુજાની વીધી કહું છુ. પ્રાતઃકાળે સ્નાન કરીને પોતાના ઈષ્ટદેવતાનું ધ્યાન ધરી ઘી, સાકર, તલ, જવ, આદી સામગ્રીથી અગ્નિ દેવનું પુજન કરવું અને જો આ રીતે ન થઇ શકે તો રસોઇ તૈયાર થાય ત્યારે રસોઇની બધી સામગ્રીથી પુજન કરવું. હવે જળદેવતાની પુજાની વીધી કહું છું. પ્રાતઃકાળે સ્નાન કરી કુવા અથવા તળાવ ઉપર જઇ દુધ તથા ચંદન, ચોખા, પુષ્પ ચડાવીને નૈવેદ અર્પણ કરવું. જે મનુષ્ય આ રીતે ત્રણ દેવતાઓનું પુજન પ્રતીદીન કરે તો તે આ લોકમાં ધન, સંતાન અને પરલોકમાં વૈકુંઠ વાસ પામે.

શિક્ષા ૮મી—હે અરજુન! જે મનુષ્ય બળતા દીવાને ઝપટ મારી બુજાવે અને દીવાથી દીવો લગાવી સળગાવે તે મહા પાતકી થાય છે.

શિક્ષા ૯મી—હે અરજુન! મનુષ્ય વ્રત ધારણ કરી ખાટલા ઉપર સુવે છે તેનું વ્રત નીષ્ફળ થાય છે કારણ કે જેનું વ્રત ધારણ કરે તે દેવતા વ્રતને દીવસે તે મનુષ્યના અંગમાં પ્રવેશ કરે છે તેથી વ્રત વાળાએ પૃથ્વી ઉપર સુઇ રહી સ્ત્રીથી અલગ રહેવું. આમ કર્યાથી દેવતા પ્રસન્ન થઇને આશીર્વાદ આપે છે અને વ્રત ફળદાયક થાય છે.

શિક્ષા ૧૦ મી—હે અરજુન! વૃત રાખ્યું હોય તે દીવસે પોતાનું એઠું જુઠણ કોઇને કાંઈ પણ આપવું નહિ કેમકે તે ખાનાર મનુષ્ય વૃતનું અડધું ફળ લેઇ લે છે.

શિક્ષા ૧૧ મી—હે અરજુન! જે મનુષ્ય રસોઇની બધી સામગ્રીં બરાબર તૈયાર થવા પહેલા અથવા અગ્ની દેવોને જમાડ્યા અગાઉ જલદી કરીને જમવા બેસી જાય અને જ્યાં સુધી રસોઈની સર્વ ચીજો તૈયાર થઇ ન હોય અને અગ્ની દેવને જમાડયા અગાઉ રસોડામાંથી બીજાને અગ્ની આપે અને રસોઈની સામગ્રીને પાત્ર વીના પૃથ્વીપર મુકે તો આ ત્રણે પાપથી સદા દરીદ્ર અવસ્થામાં રહે છે માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે જ્યારે રસોઇની સર્વ સામગ્રી તૈયાર થાય ત્યારે સ્વચ્છતાથી અગ્નિ સન્મુખ પાટલા

ઉપર બેશીને પુરણ બ્રહ્મ પરમ દયાળુ પરમેશ્વરને તૈયાર થયેલી રસોઇની સામગ્રી ધરવી અને અન્નદેવને નમસ્કાર કરવા અને અભ્યાગતને રસોઇની સર્વ સામગ્રીથી ભોજન કરાવવું. જો તે ગરીબ અવસ્થાને લીધે બની શકે નહી તો થોડી થોડી સર્વ ચીજો અભ્યાગતને નીમીત અર્પણ કરવી અને પછી જમવું એ પ્રમાણે જે મનુષ્ય કરશે તે મહા પુણ્યના પ્રતાપથી અગ્નિદેવ તથા અન્નદેવતાનો આશીર્વાદ પામીને સદા સુખી રહેશે.

શિક્ષા ૧૨ મી—હે અરજુન ! જે માણસ તાંબાના વાસણમા પાણી ભરીને કુદરતી હાજતે (ઝાડે જંગલ) લઇ જઈ અજીઠ કરે તો તે મનુષ્ય અંતકાળે નરકનો અધીકારી થાય કેમકે સર્વ ધાતુઓમાં ત્રાંબુ અતિ પવિત્ર છે એટલા માટે ત્રાંબાના વાસણથી સ્નાન કરનાર મનુષ્યને ગંગાસ્નાન સરખુ પુણ્ય થાય છે અને પોતાના પિતૃદેવતાને ત્રાંબાના વાસણમાં ભોજન અથવા જળ અર્પણ કરે તો તે પણ મોટું પુણ્ય ગણાય છે.

શિક્ષા ૧૩ મી—હે અરજુન ! જે માણસ બ્રહ્મહત્યા તથા પર સ્ત્રીનો સંગ કરે તો તેને હજાર વરસ પર્યંત નરકમાં વાસ કરવો પડે છે. કદાચ પરસ્ત્રીનો સંગ કરવાથી જો વિર્યનું બીંદુ પડી તેમાંથી પુત્ર ઉત્પન્ન થાય તો પોતાના સારા કરમો થકી જે સ્વર્ગની પ્રાપ્તી થાય

છે. તે ન થતાં ઉલટું નરકમાં જવું પડે એટલુંજ નહી પણ પોતાના પિતૃ દેવતાઓ જે પોતાની સારી કરણીથી સ્વર્ગ પામ્યા હશે તે પણ નરકમાં પડે છે અને શ્રાદ્ધ તરપણથી સદા વિમુખ રહે છે તેથી આ પાપ બધા પાપો કરતાં મોટું ગણાય છે.

શિક્ષા ૧૪ મી—હે અરજુન! જે મનુષ્ય સ્ત્રીનો સંગ કરી સ્નાન નહી કરતાં અપવીત્ર રહે છે તે અંતકાળે નરકવાસમાં દારૂણ દુઃખ ભોગવે છે કેમકે એવા અપવિત્ર માણસના પગલા પૃથ્વી પર મુકવા સરખાને પોતાના પિતૃના પંડ પર મુકવા સરખા ગણાય છે.

શિક્ષા ૧૫ મી—હે અરજુન! અમાવાસ્યાને દીવસે જે મનુષ્ય ઝાડનાં પાંદડાં તથા ડાંખરાં તોડે છે તેને બ્રહ્મ હત્યાનું પાપ લાગે છે એટલા માટે તે દીવસે દાતણ પણ કરવું ઉચીત નથી કેમકે તે પણ એક ઝાડનું ડાંખરૂં કહેવાય છે.

શિક્ષા ૧૬ મી—હે અરજુન! કોઇ અભ્યાગત સાધુ અથવા મુસાફર માણસની યાચનાનો માણસ અનાદર કરે તો તે મહા પાતકી થાય છે માટે મનુષ્યને ઉચીત છે કે પોતાની શક્તિ મુજબ કાંઇ પણ આપી તેને સંતોષવો અને જો આપવાની શક્તિ નહી હોય તો તેને નમ્રતાથી કોઇ પુણ્યવાન ગૃહસ્થનું સ્થાનક દેખાડી આવવું. એ સર્વ દાનથી પણ શ્રેષ્ટ દાન ગણાય છે.

શિક્ષા ૧૭ મી—હે ! અરજુન જે મનુષ્ય પોતાના ઘરમાં તુટેલા ખાટલા તથા ફુટેલા વાસણ રાખે તો તે અવસ્ય દરીદ્રી થાય.

શિક્ષા ૧૮ મી—હે અરજુન ! જે માણસ પરમાત્મા ના નામનું ભજન કીરતન કરી ભોજન કરે છે, તે હાલતાં ચાલતાં ઉઠતાં આલોક તથા પરલોકમાં મનવાંછીત ફળને પામે છે. આ શીક્ષાથી જે માણસ વિરૂધ્ધ વર્તે છે તે મહા પાપનો અધીકારી થાય છે.

શિક્ષા ૧૯ મી—હે અરજુન ! જે મનુષ્ય એકજ પાત્રમાં બીજાની સાથે ભોજન કરે છે અથવા કરાવે છે તે ભ્રષ્ટ થાય છે કેમકે પુર્વજન્મમાં તે માણસ કઈ જાતનો હશે તે માણસથી જાણી શકાતું નથી તેથી એકઠા બેસીને ભોજન કરવાથી અથવા બીજાનું એઠું ખાવાથી પુર્વજન્મની પ્રકૃતીનો અંતઃકરણમાં પ્રવેશ થાય છે અને તેથી નીચ કર્મ ભોગવવું પડે છે.

શિક્ષા ૨૦ મી—હે અરજુન ! ભોજન કરતી વખતે અન્નદેવ મુખમાં વાસ કરે છે. માટે મનુષ્યને ઉચીત છે કે મુંગે મોઢે ભોજન કરવું. કેમકે બોલવાથી કોઈવખત સારૂં માઠું બોલાય જાય તો અન્નદેવતાના શ્રાપથી આ જન્મમાં દરિદ્રપણાને પામે છે. માટે મનુષ્યે એકચીતથી પલાંઠી-વાળી અન્નદેવતાની મોટાઇ માનીને ભોજન કરવું જેથી

અન્ન દેવતા પ્રસન્ન થઈ આશીશ આપે છે.

આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ જગત ગુરૂ! ભોજન કરતી વખતે કોઇને કાંઈ કહેવું પડે અથવા બોલવું પડે તેનું કેમ કરવું? ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જો બોલવાની જરૂર પડે તો પાચ શ્વાસ ખાઇને આગમન કરી જે કામ હોય તે કરવું પણ કોઇની નીંદા કે ખુરૂં કામ કરવાને કહેવું નહી.

શિક્ષા ૨૧ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની અરધાંગી (સ્ત્રી)ને ખોટા આચરણોવાળી સમજી તેની નીંદા કરે અથવા દુઃખ આપે અને પોતે પણ અંતઃકરણમાં દુઃખી રહે તે મનુષ્ય પશુ સમાન જાણવો અને આવા કલેશથી સંસારમાં અપકીરતી પામી અંતકાળે નરકનો અધીકારી થાય છે કેમકે પોતાની સ્ત્રીના સંગથી જે પુત્રની ઉત્પતી થાય છે તે વખતે તે મનુષ્યના પિતૃ દેવ નીચ કર્મથી નર્કના અધીકારી થયા હોય તો તે પોતાના વંશમાં પુત્રની ઉત્પતીથી મુક્ત થઈ વૈકુંઠમાં વાસ કરે છે અને પ્રસનતાથી તે પુત્રને આશીરવાદ આપે છે. આવા કારણથી પોતાની પરણેલી સ્ત્રીને હમેશાં પ્યાર તથા પૈસાથી પ્રસન રાખવી તે એવી રીતે કે સ્ત્રીના મનમાં એવું ભાસે કે મારા પતી સમાન મારો હિતકારી કોઈ નથી, કેમકે પરણેલી સ્ત્રી પાપ તથા પુણ્યની ભાગીદાર છે અને કદાચીત તે સ્ત્રીથી કોઈ

અવીચાર્યં કામ થઈ જાય તો ડાહ્યા પુરૂષે ફરીથી એવું નહી કરવા માટે શીખામણ આપી પ્રસન રાખવી તેમજ સ્રીએ પણ પોતાનું પતિવૃત સાચવી પોતાના પતિને પરમેશ્વર સમાન જાણી તેની આજ્ઞાનું ઉલંઘન ન કરતાં સુખમાં તથા દુઃખમાં પ્રસન રહી પરમેશ્વરે આપ્યું હોય તેમાં સંતોષ માની સારા શણગાર સજી કોઈ વાતે પોતાના પતીને કંટાળો ન આપતાં આનંદમાં રહેવું આથી પુરૂષને પોતાના ધંધા રોજગારમાં સાવધાનપણેથી સારી પ્રાપ્તી થાય છે. માટે આ પ્રમાણે સ્રી પુરૂષ અન્યોઅન્ય પ્યારથી વરતે તો આલોકમાં અપાર સુખ ભોગવી અંતકાળે મોક્ષ પામી વઈકુંઠ ધામમાં પરમ આનંદથી વાસ કરે છે.

શિક્ષા ૨૨ મી—હે અરજુન ! દીપકના જોતની અથવા સુર્યની મોટી છાંયા જો મનુષ્ય ઉપર પડે તો તે દુશીત છે.

શિક્ષા ૨૩ મી—હે અરજુન ! જો મનુષ્ય માત્ર તંત્ર અને મુઠની અથવા બીજા કોઈ ઉપાયથી કોઈને મારવાનું કરે તો તે અંતકાળે બાર વરસ સુધી નરકનો ભોગી થાય.

શિક્ષા ૨૪ મી—હે અરજુન ! રોટલા તથા રોટલી ઉપર ઘી ચોપડયા વિના ભોજન કરવું તે પ્રેત સંગે ભોજન કર્યા બરોબર છે. કારણ કે લુખા ભોજનમાં હમેશાં પ્રેતના

વાસ રહેવાથી પ્રેત વિઘ્ન કરે છે. તેથી દરીદ્રી અવસ્થા થાય છે માટે મનુષ્યે હંમેશાં શકતી પ્રમાણે ભોજનમાં ઘી વાપરવાથી પ્રેત બાધ કરી શકતું નથી.

શિક્ષા ૨૫મી—હે અરજુન ! જે મનુષ્ય દીવાની જોતમાંથી અગ્ની સળગાવી રસોઇ અથવા બીજું કાંઈ કામ કરે તો તે દીપકના શ્રાપથી કષ્ટ પામે છે કારણ કે તે અગ્નિ ચિતા સમાન છે.

શિક્ષા ૨૬ મી—હે અરજુન ! જે મનુષ્ય પ્રાતઃકાળે અથવા સંધ્યાકાળે ઘરના ઉમરા ઉપર બેસે તો તેની સંપતીનો નાશ થઇ કરજમાં વધારો થાય છે.

શિક્ષા ૨૭ મી—હે અરજુન ! જે મનુષ્ય પ્રાતઃકાળે ઝાડુ વાળી કચરો આંગણામાં રાખી મુકે છે તે લક્ષ્મીજીના શ્રાપથી સદા દરીદ્રી રહે છે.

શિક્ષા ૨૮ મી—હે અરજુન ! જે મનુષ્ય તળાવ નદી, અથવા બગીચાના કિનારા ઉપર કુદરતી હાજતે (ઝાડે) જાય તે બહુ કાળ નરકમાં નીવાસ કરે છે.

શિક્ષા ૨૯ મી—હે અરજુન ! જે મનુષ્ય એકાદસી વૃતનું ધારણ નહિ કરતાં અનાજ ખાય તો તેનું જીવવું પશુ સમાન સમજવું અને પાંચ હત્યાનો અધીકારી થઇ અંતકાળે નરકમાં વાસ કરે છે તેટલા માટે મનુષ્યે એકાદશીનું વૃત ધારણ કરી આખો દીવસ ભગવાનના

ધ્યાનમાં મગ્ન રહી રાત્રીએ જાગરણ કરે તો મોટા મોટા પાપનો નાશ થાય છે, એટલુંજ નહી પણ પોતાના પીતૃ-દેવતાને પણ સ્વર્ગની પ્રાપ્તી થાય છે. આ શીક્ષા સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે હે ભયભંજન દીનદયાળ ! કોઈ વખત ભુલે ચુકે વૃતને દીવસે અનાજ ખવાય તો એ પાપથી શી રીતે છુટાય ? શ્રીકૃષ્ણજીએ કહ્યું હે અરજુન અનાજ ખાતી વખતે વૃત છે એમ જાણવામાં આવે તો ફરીથી ગ્રાસ નહી ભરતાં વૃત ધારણ કરે છે તેના વૃતનું ફળ પુરણ પ્રાપ્ત થાય છે અને તેના પીતૃદેવ પણ સુખી થાય છે કદાચ કોઈ મનુષ્ય નીરજન વૃત ન રાખી શકે તો ફકત ગાયના દુધથી અથવા ફળ આહાર કર્યાથી પણ વૃતનું ફળ પરીપુર્ણ પામે છે વળી આ વાત ઉપર પણ ચોખા અથવા લુણ (મીઠું) ખાવું નહી આજાદી માણસે પણ એકા-દસીને દીવસે ચોખા અથવા લુણ (મીઠાનો) ત્યાગ કરવો તેમજ રવીવારે પણ મીઠાવાળું ભોજન ખાવું નહી. આવી ઉત્તમ શિક્ષા શ્રીકૃષ્ણના મુખથી સાંભળી અરજુન મહા શોક સમુદ્રમાં આ ગુપ્ત વાતથી કંપીત થઇ ડુબી ગયો ત્યારે શ્રીકૃષ્ણે તેને સોચ અવસ્થામાં જોઇ અતી દયાથી તેના મનનો કલેશ મટાડી આજ્ઞા કરી કે હે અરજુન ! તારાથી આજસુધી ઉંચ નીચ કરમ બન્યા તેને માટે આ ગુપ્ત ભેદ તારા આગળ પ્રકટ કર્યો તેને તું તનમનથી અંગીકાર કર.

આ આજ્ઞા સાંભળીને અરજુને શ્રી ભગવાનના પગમાં મસ્તક નમાવી સ્તુતી કરી કે હે મધુસુદન ! વ્રજભુષણ નંદનાનંદ ! મન મોહન ! અધમ ઉધારણ શ્રી રણછોડરાજ ! આ સંસાર સાગરથી પાર ઉતરવા નૌકારૂપ આ શીક્ષાઓનો મહીમા ગાતાં શેષાદિ દેવતાઓ પણ પામી શકયા નથી હે નાથ ! મારી રક્ષા કરો અર્થાત કાંઈ આજ્ઞા કરો ત્યારે શ્રીકૃષ્ણે અરજુનને પરમ ભક્ત જાણી નીચે પ્રમાણે બીજી આજ્ઞા કરી છે.

શિક્ષા ૩૦ મી—હે અરજુન ! જે મનુષ્ય રજસ્વલા સ્ત્રીથી મૈથુન કરે તે આ સંસારમાં તેના પાપથી તેનું શરીર હમેશા રોગી રહે અને અંતકાળે હજાર વર્ષ સુધી નરક ભોગવે કારણ કે રજસ્વલા સ્ત્રી પહેલે દીવસે બ્રહ્મહત્યારી, બીજે દીવસે ચંડાલણી, ત્રીજે દીવસે ધોબણના સમાન છે માટે ત્રણ દીવસમાં તેના લુગડાને અડકવાથી તથા તેનું મોઢું જોવાથી પાપ લાગે છે અથવા તેના હાથથી ભોજન કરે તો તો આખી ઉંમરમાં કરેલા પુણ્યદાનનો નાશ થાય છે એટલા માટે ત્રણ દીવસ રજસ્વલા સ્ત્રીથી દુર રહી ચોથે દીવસે સ્નાન કરી શુદ્ધ થયા પછી પુરૂષે સ્ત્રીનો સમાગમ કરવો અને તે દિવસે જો સમાગમ ન કરે તો પુરૂષને હત્યા લાગે છે એવું સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે સ્ત્રીનો પતી પરદેશ ગયો હોય તો તે પાપથી શી રીતે મુકત થાય ?

ભગવાન બોલ્યા કે કદાપી પુરૂષ ઘેર ન હોય તો રાત્રીએ સ્નાન કરી સુર્ય સન્મુખ રહી પોતાના સ્વામીની સુરતને મનરૂપી આરસીમાં જોઇ લે તો તેનો પતી આ પાપથી મુક્ત થાય છે.

શિક્ષા ૩૧ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાના જીવને કાંઇ ઉત્તમ પ્રકારના પદાર્થ ઉપર ઇચ્છા અટકાવી તે પદાર્થથી વિમુખ રાખે તો તે માણસ આજન્મમાં સદા દરીદ્રી રહે છે, અને મરણ પાછળ પણ તેના જીવને મુકતી મળતી નથી આવું શ્રી ભગવાનનું વચન સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ! નીરધન મનુષ્ય પોતાના જીવની ઇચ્છા પરીપુર્ણ શી રીતે કરી શકે? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે નીરધન માણસ પોતાના જીવની પ્રસન્નતા માટે રવીવારે અથવા જન્મનક્ષત્રના દીવસે અથવા અમાવાસ્યાને દીવસે પોતાની મરજી મુજબ મનમાન્યા પદાર્થનું ભોજન કરે તો ઇશ્વર તેની મન કામના સદાય પુર્ણ કરે.

શિક્ષા ૩૨ મી—હે અરજુન જે મનુષ્યે કાંઇ વસ્તુ કોઇને ધરમાદા તરીકે આપી હોય અને પાછી લે અથવા પોતાના મનમાં કોઇ વસ્તુ ધરમાદા આપવી કરીને જો તે પાછી ન આપે તો તે માટે પાપી થાય છે અથવા કોઇની ઉછીતી કોઇ કારણથી વસ્તુ પચાવી જાય તે આ જન્મમાં અપકીર્તી પામી બીજા જન્મમાં સહસ્ત્રગણું

આપતાં પણ પાપના બંધનથી છુટતો નથી, માટે મનુષ્યને ઉચીત છે કે મોઢેથી બોલીને ફરી જવું નહિં.

શિક્ષા ૩૩ મી—હે અરજુન! જે માણુસ પોતાની છોકરીનું લગ્ન પૈસા લઇને કરે છે તે મહા પાતકી થાય છે અને તે પાપના ફળથી નિર્ધન થઇ દરીદ્ર અવસ્થાને પામે છે એટલુંજ નહી પણ તેના પીતૃદેવ શ્રાદ્ધથી પણ વીમુખ રહી નરકમાં વાસ કરે છે.

શિક્ષા ૩૪ મી—હે અરજુન! મનુષ્યને ઉચીત છે કે કોઈએ કાંઇ વસ્તુની માંગણી કરા હોય અને તે આપણી પાશે હોય તો તે આપવી કેમકે તેથી અશ્વમેઘ યજ્ઞ કર્યો સરખુ પુણ્ય થાય છે.

શિક્ષા ૩૫ મી—હે અરજુન! જે માણુસ ઇશ્વરે આપેલી બક્ષીસ ઉપર સંતોષ ન માનતાં બીજાની અપેક્ષા કરે છે તે સદાકાળ દુઃખી અવસ્થામાં રહે છે એટલા માટે મનુષ્યે સંતોષ રાખવો. કેમકે સંતોષી સદા સુખી.

શિક્ષા ૩૬ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની મનકામના સીધ્ધ કરવા ચાર પાયાના આસન (ખુરસી, ખાટલો વીગેરે ઉપર બેસીને પરીબ્રહ્મ જદીશ્વરનું પુજન કરે તો તે અફળ જાય છે એટલા માટે ભોંય ઉપર એકાંતમાં પવીત્ર આસન જેવા કે દર્ભાસન, પુર્વ ભણી મુખ રાખી એક ચિત્તે પરમાત્માનું સ્મરણ પુજનમાં મન લગાવે તો તે ફળદાયક છે.

શિક્ષા ૩૭મી—હે અરજુન ! જે મનુષ્ય તીર્થ કાંઠે જઇ પરસ્ત્રીને કુદૃષ્ટીથી નીહાળે તો તે પાપની મુક્તી કોઇ જગ્યાએ થતી નથી અને અંતકાળે યમદુત તે પાપીને નરકમાં લઇ જઇ લોઢાની તપાવેલી સીખો તેની આંખોમાં ખોસે અને અનેક પ્રકારનાં દુઃખ આપે છે એ સાંભળી અરજુને વિનંતી કરી કે હે જગતગુરૂ અંતર્યામી કૃપા કરી કાંઇ બીજી પણ લાભકારી શિક્ષાનો ઉપદેશ કરો કે જેથી મનરૂપી મહેલમાં જ્ઞાનરૂપી દીવાનો ઉજાસ થાય થાય.

શિક્ષા ૩૮ મી—હે અરજુન ! જે મનુષ્ય ગંગાસ્નાન કરવા જતી વખતે પગમાં પગરખાં પહેરી જાય તો તે સ્નાનનું ફળ પામતો નથી.

શિક્ષા ૩૯ મી—હે અરજુન ! જે મનુષ્ય ચાર ભાઇબંધની વચમાં બેસીને ખાવાનું મંગાવે અને તે બીજાઓને ન આપતાં એકલો ખાય તો તે પાપથી મુક્ત થતો નથી પણ આ વાતનો ગરીબને દોષ નથી.

શિક્ષા ૪૦ મી—હે અરજુન ! જે મનુષ્ય રવીવારે દ્વાદસીએ તથા અમાવાસ્યાના દીવસે ખીચડી ખાય તો પાપના બંધનથી બીજા ઉત્તમ પદાર્થોથી વિમુખ રહે છે, અને તેની પ્રજા (પુત્ર) જીવે નહી.

શિક્ષા ૪૧ મી—હે અરજુન ! બારસને દીવસે પુરાણ વાંચવાથી સાંભળવું અયોગ્ય છે, માટે તે દીવસે શ્રી

વ્યાસ મુની આખો દહાડો પરીબ્રહ્મ પરમાત્મના પુજનમાં ધ્યાન રાખી બેસે છે તેથી જો કોઇ પુરાણ વાંચે તો તે ધ્યાનમાં ચલાયમાન થાય છે.

શિક્ષા ૪૨ મી——હે અરજુન ! રવીવારે અથવા વ્રત ધારણને દીવસે દર્પણમાં મુખ જોવું અયોગ્ય છે.

શિક્ષા ૪૩મી—હે અરજુન ! જે ખાટલા ઉપર ધણી ધણીઆણી સુતા હોય તે ખાટલા ઉપર બીજાએ સુવું અથવા બેસવું નહી આ દોષ સુનારા ધણી ધણીયાણીથી મોટા હોય તેનેજ લાગે છે, પણ બાળકોને બાધ કરતા નથી.

શિક્ષા ૪૪મી—હે અરજુન ! જે માણસ તલની ચોરી કરે તે મહા પાતકી થાય છે એટલુંજ નહી પણ કોઇ તલ ખવરાવે તો તે ખાવામાં પણ દોષ છે, આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે મહારાજ કોઈ સગું વહાલું તલ ખવરાવે તો તે શી રીતે ખાવા ? ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે ભોજનના બદલામાં કોઇને તલ ખવરાવવા નહી પણ બ્રાહ્મણને આપવા જેથી પુણ્ય થાય.

શિક્ષા ૪૫ મી—હે અરજુન ! જે માણસ લાઘવી (પીસાબ) કરીને પાણી લઇ હાથ પગ ધોતા નથી ને અપવીત્ર રહે છે અને તેથી તેને સદ કરમનું ફળ મળી શકતું નથી.

શિક્ષા ૪૬ મી—હે અરજુન ! જે મનુષ્ય એકાગ્ર

ચીત્ત રાખી કથા વાર્તામાં ધ્યાન રાખે તે વૈકુંઠમાં નાના પ્રકારનાં સુખ ભોગવે છે.

શિક્ષા ૪૭ મી—હે અરજુન! જે મનુષ્ય અનામત વસ્તુને પોતાના કબજામાં લે તે અનેક પ્રકારના દુઃખ ભોગવી અંતકાળે નરકનો અધીકારી થાય ને તેની સ્ત્રીને વાંઝીયાપણું ભોગવવું પડે.

શિક્ષા ૪૮ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની પરણેલી સ્ત્રીનો ત્યાગ કરે અથવા ગાયના ટોળામાં જઈ વીના કારણે મૈથુન કરતા ગાયને ડરાવી નસાડે તો તે નર્કનો અધીકારી થાય છે તેમજ તેનો વંશ ઘેલો-ગાંડો થાય છે.

શિક્ષા ૪૯ મી—હે અરજુન! જેનો લેણદાર તગાદો કરી બારણામાં બેઠો હોય તે વખતે કરજદાર માણસ જો ઘરમાં રહી અન્ન જલ લે તો તે અપરાધી થવાથી આખો જન્મ દરીદ્ર રહે છે,

શિક્ષા ૫૦ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાના કુટુંબની અથવા નાતની નિંદા કરે છે તો તે પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૧ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની બડાઈ કરે અથવા બીજાને મોઢથી સાંભળીને મલકાઇ જાય તેને મુરખ જાણવો, એટલુંજ નહિ પણ અંતકાળે નરકનો

અધીકારી થાય છે માટે મનુષ્યને ઉચીત છે કે સ્વગુણ મુખથી ગાવો નહી.

શિક્ષા ૫૨ મી—હે અરજુન ! જે મનુષ્ય બગીચા અથવા તળાવની પાળને તથા વૃક્ષના મુળને વગર વીચારે ઉન્મત થઇને તોડી પાડે અથવા શીખેલી વિદ્યા ઉપર ધ્યાન ન રાખતાં અનિતીથી ચાલે છે તો તે પાપથી મુક્તિ ના પામતાં અંતકાળે નરકમાં જાય છે.

શિક્ષા ૫૩ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાના પાળેલા જનાવરને ભુખ્યા રાખે અથવા નિર્દયપણે હદથી જાદે મહેનત કરાવે તેને મોટો પાપી જાણવો. આવા પાપથી ધન સંતાનનું સુખ ન પામતાં આગલા જન્મમાં વ્યંઢળ અથવા નપુંશક થાય કદાચિત પુન્યના પ્રતાપથી તેમ નહી બને તો તે પાપથી તેની પ્રજા તો અવસ્ય નપુંશક થાય એમાં કાંઇ પણ સંદેહ જાણવો નહિ.

શિક્ષા ૫૪ મી—હે અરજુન ! જે માણસ રૂપિઆને બદલે જમીન કબજે રાખે છે તો તે પાપથી આંખે આંધળો થઈ સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૫ મી—હે અરજુન ! જે મનુષ્ય વડીલો પાસે જુઠું બોલે છે તે દોષિત થાય છે.

શિક્ષા ૫૬ મી—હે અરજુન ! જે ચારો ચરતી ગાયને હાંકી કહાડે છે તે પાપના બંધનથી પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૭ મી—હે અરજુન ! જે માણસ શુદ્ધ સ્થાનમાં જઇને અસામર્થ્યપણું દેખાડી પોતાના સ્વામીને એકલો મુકી નાશી જાય તે કોઢીઓ થાય છે એટલુંજ નહી પણ અંતકાળે ઘો રો નરકમાં પડે છે.

શિક્ષા ૫૮ મી—હે અરજૂન ! જે માણસે તિર્થકાંઠે જઇ પોતાની સ્ત્રી સહિત (એક વસ્ત્રે) સ્નાન કર્યું નથી તેનું જીવવું પશુસમાન છે માટે મનુસ્યને ઉચીત છે કે એક વખત તિર્થ કાંઠે જઇ સ્ત્રી સહિત એક વસ્ત્રે સ્નાન કરી અશ્વમેધ યજ્ઞ કર્યાનું પુણ્ય થાય છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે અંતરજામી દિનબંધુ, આપે આજ્ઞા કરી તે અતી ઉત્તમ છે પરંતુ તિર્થ કાંઠે જવા માટે પૈસા ન હોય તેવા માણસને અથવા શરીરે અશક્ત થએલા માણસે શું કરવું ઉચિત છે તે કૃપા કરી કહો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને આજ્ઞા કરી કે હે અરજૂન ! તેવા મનુસ્યે અમાવાસ્યા, પુર્ણિમા, જન્મનક્ષત્ર, સિધ્ધીયોગ અથવા વ્યતિપાતાદી શુભ વારે પોતાની સ્ત્રી સહિત તળાવ, નદી, હોજ, કુંડ અથવા પોતાને ઘેર સ્નાન કરી શક્તિ પ્રમાણે પુણ્યદાન કરે એથી તિર્થસ્થાનથી પણ અધિક ફળને પામે છે અને થએલાં પાપોથી મુક્તિ પામી વૈકુંઠમાં વાસ કરે છે. હે અરજુન ! આ શિક્ષા વેદમાં ગુપ્ત રહી છે, અને દેવતા પણ જાણવાને અશક્ત છે પરંતુ હું તને મારો પરમ ભક્ત જાણી તારા હીત માટે કહું છું.

શિક્ષા ૫૯ મી—હે અરજુન ! જે મનુષ્ય બીજાની એબ ઉઘાડી કરે તે રૌવ રૌવ નરકમાં પડે છે.

શિક્ષા ૬૦ મી—હે અરજુન ! જે દીવસે ગાય વાછરડાને જન્મ આપે છે તે દીવસથી ૮૦ દીવસ સુધી ગાયને દોહી વાછરડાને ન પાતાં પોતાના ઉપયોગમાં દુધ લે છે તો તે પાપથી સંતાનનું સુખ ન પામતાં ઘણા વરસ નરકમાં વાસ કરે છે.

શિક્ષા ૬૧ મી—હે અરજુન ! જે માણસ પોતાના કુટુંબનો દ્રોહ કરી જીવથી મારી નાખે છે અથવા જુઠું ઈચ્છે છે તે મોટો પાપી જાણવો.

શિક્ષા ૬૨ મી—હે અરજુન ! જે મનુષ્ય બીજાના સ્ત્રીને પોતાના કબજામાં કરે તો રોગી થઈ કુષ્ઠરોગી થાય પોતે જન્મભર દરિદ્રાવસ્થા ભોગવે અને સંતાનથી વિમુખ રહે. કદાચ પુત્ર આવે તો તે મરી જાય છે અને જો પુત્રી આવે અને તે જીવે તો તે વિધવા અવસ્થા થઇને પોતે ચાર જન્મ સુધી અંધ અવસ્થા ભોગવે તે પછી યમના દુત લોઢાના તપાવેલા થાંભલા વડે બાંધીને તેને મારે છે.

શિક્ષા ૬૩ મી—હે અરજુન ! જે મનુષ્ય સુર્ય અથવા ચંદ્રગૃહણના ઘેરાવા વખતે ખાય, પાણી પીયે અથવા પીસાબ કરે તો તે સુર્ય ચંદ્રના શ્રાપથી ધન તથા સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૬૪ મી—હે અરજુન ! દીશાએ જવા માટે લીધેલ પાણીમાંથી બાકી રહેલા પાણીએ હાથ પગ ધોવે તો દોષ લાગે છે અને તેના કુટુંબને-પ્રેત બાદ કરે છે કેમકે એ પાણી પ્રેતના ભાગનું કહેવાય છે માટે તે લેવું નહી.

શિક્ષા ૬૫ મી—હે અરજુન ! સંતાનહીન પુરૂષનું જીવવું વ્યર્થ છે કારણ કે તે શ્રાધ્ધ તર્પણથી વિમુખ રહે છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે સ્વામી પુત્રહીણ માણસને કોના હાથથી શ્રાધ્ધ તર્પણ પહોંચે તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે હે અરજુન ! આ વાત ગુપ્ત છે તો પણ તને હું મારો પરમ ભકત જાણી કહું છું કે પુત્રહીણ પુરૂષની સ્ત્રી સુશીલ ધર્મ પાળવાવાળી હોય અને તે પ્રીતીભાવથીશુદ્ધ શ્રાધ્ધ તર્પણ કરે તો તેના પતીને પહોંચે છે અને આવી પતીવ્રત સ્ત્રીના સારા કર્મથી સાતે પેઢીના પીતૃઓ વઇકુંઠમાં વાસ કરે છે અને તેનો પતી પણ પોતાના પાપ કર્યાથી જો નરકમાં પડયો હોય તો તે પણ વૈકુંઠને પામે છે.

શિક્ષા ૬૬ મી—હે અરજુન ! દ્વાદશી અમાવાસ્યા તથા રવીવારે જે મનુષ્ય શરીરે તેલ લગાવે છે તે દોષીત થાય છે.

શિક્ષા ૬૭ મી—હે અરજુન ! કોઇ પણ માણસે પોતાના આંગણામાં વડ અથવા પીપળાનું ઝાડ રાખવું નહી અને હોય તો તેનું ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ, ધુપ, દીપ વિગેરેથી પુંજન કરવું. જળ,

કારણકે પીતૃદેવ પ્રતી દીન એકવાર પોતાના પરીવારને ઘેર આવે છે તો તે વડ પીપળામાં રહેલા ભુત, પીશાચ, પ્રેતાદીકના ડરવાથી નાશી જઇ શ્રાપ આપે છે અથવા પીતૃ નીમીતે જે કાંઇ, બ્રહ્મભોજન કરાવે તે પીતૃદેવને નહી પુગતાં ઉપલા કારણથી નીષ્ફળ જાય છે તેથી તે સદા નીર્ધન થઇ દરીદ્રી અવસ્થા ભોગવે છે માટે ઘર આગળ પીપળો અથવા વડનું વૃક્ષ રાખવું નહી તેમજ તેની નીચે દીવો રાખવો પણ અશુભ છે,

શિક્ષા ૬૮ મી—હે અરજુન ! જે મનુષ્ય દેહ અતી કઠીનતાથી પુર્વના પુન્યે પ્રાપ્ત થાય છે. તેથી આ અમુલ્ય દેહને ગળામાં ફાંસો નાંખવો અયોગ્ય છે કારણ કે પોતે હરેક માણસના માથાની ચોટલી પોતાના હાથમાં રાખી છે તેથી તે પોતાની ખુશી મુજબ દેહમાંથી જીવને ખેંચી લે છે પણ માણસથી જાણી શકાતું નથી કે આપણું મોત કયારે થશે. બાળ અવસ્થામાં તથા યુવાવસ્થામાં ઇશ્વર આરાધન વૃદ્ધ અવસ્થામાં કરીશું એમ માનવું એ ભુલ ભરેલું છે, માટે મનુષ્યને ઉચીત છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે વગેરે દુર્ગુણ તજીને ઇશ્વરે જે આપેલું તેમાં સંતોષ માની હર્ષ શોક, હાની, લાભ સરખી જાણી સર્વ જીવને પુરણબ્રહ્મ પરમેશ્વર સમાન જાણી સદા સચ્ચિદાનંદ નારાયણના ચરણવિંદમાં-મન લગાવી પ્રસન્નતાથી સ્મરણ

કરવું કેમકે અંતકાળે માતા પિતા—ભાઇ તથા સગાવહાલા કોઇ પણ સહાય કરતા નથી માત્ર પોતાના સુકર્મથી સહાયતા મળે છે.

શિક્ષા ૬૯ મી—હે અરજુન ! જે મનુસ્ય પ્રતિદીન પિપળાને પાણી ન રેડે અથવા પખવાડીએ મહાદેવનું વ્રત પુજન કરે નહિ તો તે સદા નિરધનતાથી દુ:ખી રહે અને તેનું જીવવું શિયાળના જેવું છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે વાસુદેવ ! જગતગુરૂ ! જો કોઇ મનુષ્યથી નીત્ય નિયમ ન રહે તો તેણે શું કરવું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે શનીવારને દિવસે પિપળાના મુળમાં બ્રહ્મા, છાલમાં વિષ્ણુ, ડાળીઓમાં મહાદેવ, પાંદડે પાંદડે તેત્રીસ કરોડ દેવતાનો વાસો રહે છે તેથી તે દિવસે પિપળાનું પુજન કરવું તે પુજનની વિધી કહું છું તે સાંભળ સઘળાં તિર્થો (ગંગાજળ, સમુદ્રજળ, દહી, સાકર, મધ.) સહીત પુજન કરી પ્રદક્ષિણા કરી, શક્તિ પ્રમાણે પિપળાના વૃક્ષ નીચે બ્રહ્મ ભોજન કરાવી પોતે પણ કરે તો પુણ્યના પ્રતાપથી દેવતાઓના આશીર્વાદ પામી ધન સંતાનથી સુખ પામે અને અંતકાળે જમના દુતો તેનાથી ડરીં નાસી જાય. આ રીતે પિપળાનું પુજન તિર્થસ્નાન યજ્ઞના ફળની બરોબરી કરનારૂં છે. હવે મહાદેવના પૂજનની વિધી આ પ્રમાણે કરવી મહા મહિનાની કૃષ્ણ ચતુર્દશીએ મહાદેવનું વ્રત ધારણ કરી

રાત્રીનું જાગરણ કરી ચાર વેદના મંત્રોથી તિથી (દુધ, સાકર, ઘી, ગંગાજળ, મધ આદિ) મહાદેવને સ્નાન કરાવી વીધીપુર્વક પુજન કરે તો એ થએલા પાપનો નાશ થઈ શિવ લોકમાં વાસ પામી મનકામના પુર્ણ થાય છે. કદાચ આ વ્રત પુરૂષ ન રાખી શકે તો તેની સ્ત્રી આવી રીતે વ્રત રાખે અને મહાદેવની પ્રિતિ સાથે પુજા કરે તો આ વ્રતનું ફળ બધા વ્રત કરતાં પરિપુર્ણ મળે. અર્જુન આવા શિક્ષારૂપ વચનો સાંભળી પ્રસન્નતાથી વિનયપુર્વક દંડવત કરી બોલ્યા કે હે દિનદયાળ ! આપના મુખથી આવી શિક્ષા સાંભળી મારી બુદ્ધિ વૃદ્ધિ પામે છે. તે સાંભળી શ્રીભગવાને કહ્યું કે હે અરજુન ! આ પ્રમાણેની બોધરૂપી શિક્ષાઓ વિસ્તારીને જે તારી આગળ કહું છું તે તું ચીત્ત લગાડી સાંભળ.

શિક્ષા ૭૦ મી—હે અરજુન ! જે કોઈ મનુષ્ય સ્નાન કરી ઉમરા અને મહુડાના ઝાડ નીચે જાય તો સ્નાનના ચોથા ભાગનું ફળ તે ઝાડને જાય છે. એ સાંભળી અરજુને તેનું કારણ પુછતાં શ્રીકૃષ્ણજીએ કહ્યું કે, જ્યારે નરસિંહ અવતારે પોતાના નખથી હિરણ્યાક્ષનું પેટ ફાડયું ત્યારે નરસિંહના નખમાં બળતરા થવા લાગી તેવામાં નરસિંહને ઉપલા બે વૃક્ષો નજરે પડયા. તેનાં પાંદડાં નખે લગાવાથી બળતરા મટી અને આરામ થયો ત્યારે નૃસિંહજીએ પ્રસન્ન થઈને પેલા બે વૃક્ષોને વરદાન આપ્યું કે જે કોઈ માણુસ

સ્નાન કરીને તમારી નીચે આવશે તેના સ્નાનના ફળનો ચોથો હીસ્સો તમને પ્રાપ્ત થશે એ સાંભળીને અરજુને પુછ્યું કે હે શ્રીકૃષ્ણ પરમાત્મા ! કોઇ માણસ ગફલતથી તે ઝાડ નીચે જાય તો તેમાંથી શી રીતે બચે. ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તે ઝાડ નીચે જનારૂં માણસ ત્રણ વખત શ્રી નૃસિંહ અવતારનું નામ લે તો તેના સ્નાનનું ફળ વૃક્ષને નહિ જતાં પોતાને પ્રાપ્ત થાય.

શિક્ષા ૭૧ મી—હે અરજુન ! જે મનુષ્ય સ્નાન કર્યા પછી ખાટલા ઉપર બેસે અથવા બહાર જઇને લોકોને અડકે તો તેને ફરી નહાવું જોઇએ પણ સ્નાન કરી જમીને બહાર જાય તો તો તેને દોષ લાગતો નથી.

શિક્ષા ૭૨ મી—હે અરજુન ! જે મનુષ્ય આંબાનું ઝાડ કાપે તેને મહા દોષ છે અને જો આંબાના દશ ઝાડ કાપે તો એક બ્રહ્મ હત્યાના દોષની બરોબર છે માટે કોઈ મનુષ્યે આંબાના ઝાડને કાપવું નહી અને જો કોઈ ઝાડ રોપીને બાગ કરાવે અથવા જાતે કરે તો તેને યજ્ઞના ફળની બરોબર ફળની પ્રાપ્તી થાય અને જો બાગ (વાડી) કરવાની શક્તિ ન હોય તો જલવાળા ઉત્તમ સ્થાન ઉપર પાંચ વક્ષ રોપે તો તે વૃક્ષોની આશીષથી અંતકાળે મોક્ષ ગતીને પામે.

શીક્ષા ૭૩ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાને

ઘેર તુલસીનું ઝાડ વાવે અને હમેશાં સ્નાન કરી તુલશીને જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ, ધુપ, દીપ વીગેરેથી પ્રતી-દીન પુજા કરે તો તેના ઘેર જમના દુતો નહી નહી આવતાં લક્ષ્મીજી પ્રસન્ન થઈ ઘરમાં વાસ કરી સુખમાં વૃદ્ધિ કરે છે તમજ અશ્વમેઘ કર્યા જેટલું ફળ થાય છે અને જો હમેશાં તુલશીની પૂજા કરવી બને નહી તો અષાડ આસો કારતક માસના દરેક દીવસે પુજા કરે તો તેનું ફળ યજ્ઞના ફળની બરાબર મળે તેમજ કોઇ માણસ આંબલીના ઝાડ નીચે બ્રાહ્મણને જમાડે તો તેનું પુણ્ય યજ્ઞની બરાબરી કરનારૂં છે પણ રવીવારે આંબલીના ઝાડની પુજા કરવી તેનો દોષ છે માટે તેમ ન કરવું.

શિક્ષા ૭૪ મી—હે અરજુન! જે કોઈ પુરૂષ તીથી વાર નક્ષત્ર સમય વગર શ્રાદ્ધ કરે છે તે તેના પીતૃ દેવ-તાઓને પહોંચતું નથી.

શિક્ષા ૭૫ મી—હે અરજુન! જે મનુષ્યના ઘરમાં વાંજણી સ્ત્રી હોય તેનું જીવવું પશુસમાન છે. તેના હાથથી બનાવેલી રસોઇ પણ જમવી અયોગ્ય છે. આ કારણથી તેના મુખમાં દુર્ગંધી પેદા થાય છે. એવું સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે એવી સ્ત્રી ઘરમાં અથવા સગાં વહાલાંમાં હોય અને તે સ્ત્રી સીવાય બીજું કોઇ રસોઇ કરનાર ન હોય તો કેમ કરવું તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણ

ભગવાને કહ્યું કે ભોજન કરવાને સમયે અનંત ભક્તી પરબ્રહ્મ કમળનયન ધરમ રક્ષકનું નામ લઈને પ્રાર્થના કરી કહેવું કે હે જગદીશ્વર અધમ ઉધારણ, ભયભંજન અઘમોચન તુંજ છે એવી રીતે શ્વાસે શ્વાસે નામ લઇને પૃથ્વી ઉપર જલની ધાર દઈ જ્યોતી રૂવરૂપનું ધ્યાન ધરી ભોજન કરે તો તેને બાધ ન લાગતાં ધન સંતાનની પ્રાપ્તી થાય છે.

શિક્ષા ૭૬ મી—હે અરજુન! જળ પીવા માટે કોઇની પાસે માગણી કરી હોય અને જળથી ભરીને લોટો લાવે તો તે હાથોહાથ ન લેતાં જમીન ઉપર મુકાવી પછી પોતાને હાથે લઇને પીયે તો તેમાં દોષ નથી પણ હાથોહાથ લઇને પીયે તેમાં દોષ છે.

શિક્ષા ૭૭ મી—હે અરજુન! જે મનુષ્ય ભોજન કરેલાં એઠાં વાસણો તરત સાફ ન કરતાં એમને એમ રાખી મુકે તો તે અન્નદેવતાના શ્રાપથી સદા દરીદ્રી રહી બહુ દુઃખ પામે છે.

શિક્ષા ૭૮ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાનુ આંગણું લીંપી ગુપીને સાફ ન રાખે તો તે મહાદેવજીના તથા પોતાના પીતૃ દેવતાના શ્રાપથી છઠે મહીને નીરાધાર થઈ અતી દુઃખ પામે, અને આ વાત પણ ધ્યાનમાં રાખવી કે પીતાના પાપથી પુત્ર દરીદ્રી થાય છે અને સ્રીના પાપથી

પુરૂષને મુકતી મળતી નથી. કદી પોતાના પુણ્યના બળે કરી સ્વર્ગની પ્રાપ્તી થઇ હોય તો તે નાશ થઇ જાય છે.

શિક્ષા ૭૯ મી—હે અરજુન! જે મનુષ્ય નદી તળાવ વીગેરે છોડીને ઘરમાં ગરમ પાણીયે નહાય છે તેનું નહાવું અશુદ્ધ છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે કોઇ ગામમાં નદી વીગેરે નહાવાના સ્થળો ન હોય તો તેનું કેમ કરવું? તે કૃપા કરી આજ્ઞા કરો, ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જો ગરમ પાણીમાં હાથ બોળ્યા સીવાય સ્નાન કરે તો ગંગા સ્નાન જેવું શુદ્ધ છે. હે અરજુન! આવી આવી વાતોમાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે પણ તે કોઇનાથી રાખી શકાતી નથી એજ મોટું આશ્ચર્ય છે. પરંતુ પરમાત્માની ભકતી કરીને મુકતી પામેલ એવા બુદ્ધિમાન પુરૂષો તો અવશ્ય ધ્યાન લગાવે છે. આ સાંભળી અરજુને બહુ સોચ કરી શ્રી કૃષ્ણ ભગવાનના ચરણારવિંદમાં શીશ નમાવી વીનતી કરી કે હે સચ્ચીદાનંદ વાસુદેવ! આપે આ આજ્ઞાઓ કરી તેમાંથી કેટલીક બને છે અને કેટલીક નથી બનતી તો તેના દોષથી મુકત કેમ થવાય તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને અરજુનને બહુ સોચ કરતો જાણી દયાળુ પણે આજ્ઞા કરી કે—

(દુહો)

વીતેલ વાતનો સોચ ન કરતાં ધીરજ મનમાં ધાર.
ધ્યાન ધરો એટલાજ પર, મટે પાપ નિરધાર.

શિક્ષા ૮૦ મી—હે અરજુન ! જે મનુષ્ય સ્નાન કરી લલાટમાં તીલક કરતો નથી તેનું સ્નાન અફળ જાય છે તેમજ તીલક કરવાથી યમના દુતો તીલક જોઈને ડરી જાય છે, અર્થાત ઝાઝું દુઃખ ન આપતાં લાજ આબરૂથી ધર્મ રાજાની કચેરીમાં ખડા કરે છે.

શિક્ષા ૮૧ મી—હે અરજુન ! મનુષ્ય કાયા કોઈ મોટા પુન્યના પ્રતાપે પ્રાપ્ત કદાચીત થાય છે તોપણ જીવને ભોજનની પ્રાપ્તી માટે અતી દુઃખ સોસતે પણ પ્રતીદીન પ્રાપ્તી થતી નથી તો પુરણમાસીને દીને તો અવશ્ય ભોજન કરવું ઉચીત છે અને તેથી મોટું પુણ્ય થાય છે.

શિક્ષા ૮૨ મી—હે અરજુન ! મનુષ્ય મસુર, ગાજર, લસણ અને કાંદા (ડુંગળી) આમાંની કોઇ પણ વસ્તુ ખાય છે, તો તેનો સ્વર્ગમાં વાસ થવો દુર્લભ છે કારણ કે ઉપલી ચીજોના બી માણસનાં પેટમાં એકવીશ દીવસ સુધી રહે છે અને આ એકવીશ દીવસમાં માણસનું મૃત્યુ આવે તો તે નરકમાં જાય છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ત્રીલોકીનાથ, જકત પાલન પ્રભુ કોઈ માણસે ઉપલી વસ્તુમાંથી એકઆદી વસ્તુ ખાધી હોય અને તરત માંદો પડતાં અંતકાળ પાસે આવે તો તેના દોષથી મુકત થવું તે કૃપા કરીને કહો ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જો તે માણસ ગંગાજળનું પાન કરે તો તે દોષથી મુકત

થાય છે અને આ કારણથી નરકે જતો અટકે છે માટે કોઈ માણસે ઉપલી વસ્તુમાંથી કોઈ પણ જાણી જોઈને ખાવી નહિ.

શિક્ષા ૮૩ મી—હે અરજુન! જે મનુષ્ય દિવસ અને રાત્રીએ પોતાના ઘરમાં ઘીનો દીવો બળતો રાખે તો તેના ઉપર પિતૃદેવતા પ્રસન્ન થઈ દિનપ્રતિદિન આશીશ આપી ધન સંતાનમાં વૃદ્ધિ કરે, તેમજ આગળ ભવમાં તે મનુષ્ય પરમેશ્વરની અતિ કૃપાએ કરી ઘણું સુખ પામી અંતકાળે મોક્ષપદને પામશે અને સુખ ભોગવશે.

શિક્ષા ૮૪ મી—હે અરજુન! જે માણસ ભોજન કરતાં પડી રહેલી જુઠ (જમતાં પડી રહેલું ભોજન) તેનું બીજી વખત ભોજન કરે અગર તે બીજા કોઈને ભોજન કરાવે તો આ મહા દોષથી નિશ્ચય દરિદ્રિ અવસ્થાને પામે.

શિક્ષા ૮૫ મી—હે અરજુન! મનુષ્ય રાત્રીએ અંધારામાં ભોજન કરે અથવા કરતી વખત દીવો બુઝાઈ જાય તોપણ જમવું ચાલુ રાખે તો આ દોષના કારણથી ધન સંતાનનું સુખ નહિં પામતાં દુઃખી રહે. અંધારે જમવું તે પ્રેતની સાથે જમ્યા બરોબર છે.

શિક્ષા ૮૬ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાને માથે મુકવાની બાંધેલી પાઘડી બીજાને માથે મુકવા આપે તો તેનો બહુ દોષ છે કારણ કે પાઘડી આપનારની બુદ્ધિ-

માં ઘટાડો થાય છે અને પાઘડી લેનારની બુધ્ધિમાં વધારો થાય છે.

શિક્ષા ૮૭ મી—હે અરજુન! જે મનુષ્ય દક્ષિણ દીશા સામું મોઢું રાખી સુવે છે તેને તેમ સુવામાં ઘણો દોષ છે.

શિક્ષા ૮૮ મી—હે અરજુન! ચાર વરસની છોકરી તે પારવતી સમાન અને છ વરસની તો કન્યા કહેવાય છે તેવે વખતે જો વીવાહ કરે તો મોટા યજ્ઞ સમાન ફળ પ્રાપ્ત થાય છે. જેઓ બાર વર્ષની કન્યા વયે પહોંચ્યા છતાં લગ્ન કરતાં નથી તો તેને મોટો દોષ લાગે છે માટે કન્યાને બાર વરસની અંદર પરણાવવી.

શિક્ષા ૮૯ મી—હે અરજુન! જે માણસ માથે પાઘડી અને કમરમાં ધોતીયું પહેરીને કચ્છો વાળે તો આ ભવમાં જેટલું પુણ્યદાન કર્યું હોય તેનું ફળ મળતું નથી અને તેના પાપે કરી અંતકાળ વખતે નરકમાં જાય છે તેમજ તેના પીતૃ દેવતા જેઓ સ્વર્ગમાં જાય છે ત્યાં નહી રહેતાં નરકમાં વાસ કરે છે કારણ કે તેના પગ પૃથ્વીપર મુકવા તે ગાયના શરીર ઉપર મુકવા બરોબર છે,

શિક્ષા ૯૦ મી—હે અરજુન! જે મનુષ્ય રાત્રીનું વાસી રહેલું જળ જે બીજે દીવસે શ્રાધ્ધ કે તરપણના ઉપયોગમાં લીયે તો તે લોહીમાં તરપણ કર્યા બરોબર વાશી

જળે તરપણ કર્યાથી માણસ ઘોર નરકમાં જઇ લોહીના કુંડમાં વાસ કરે છે માટે જળથી તરપણ કોઇએ કરવું નહી.

શિક્ષા ૯૧ મી—હે અરજુન! મનુષ્યોએ પોતાના હાથ કાન તથા ગળામાં સોનું પહેરવું એ મહા પવીત્ર છે કારણ કે જે જળ સોનાથી અડીને આપણા શરીર ઉપર પડે છે તે જળને ગંગા નદીના જળ સમાન જાણવું.

શિક્ષા ૯૨ મી—હે અરજુન! જે મનુષ્ય ગંગા આદી તીર્થોમાં નહાયા પહેલાં પોતાનું ધોતીયું ધુવે તો તેને દોષ લાગે છે.

શિક્ષા ૯૩ મી—હે અરજુન! જે મનુષ્ય તીર્થ કરવા જાય તેણે પહેલાં સ્નાન કરીને તરપણ કરતી વખતે જો કાળક્ષેમનો વિચાર મનમાં આણે તો તરપણ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે અને પીતૃ દેવતાને તરપણ પહોંચે છે.

શિક્ષા ૯૪ મી—હે અરજુન! તીરથ કાંઠે જઇ જે માણસ બીમારીથી મૃત્યુ પામે તો તેને અર્ધ બાળી (દહન કરી) ક્ષેત્રમાં તીરથ વારી નદીમાં ફેંકો દીયે તો આ દોષથી અંતકાળ વખતે નરકનો અધીકારી થાય અને જો તેવા શબને બરોબર દહન કરી (શુધ્ધ કરી) ને તેની રાખ ઉપર સાત દીવસ સુધી બરાબર બંદોબસ્ત સાથે ગાય શીવાય કુતરાં બીલાડાં ગધેડાં આદી ચાર પગાળાં પશુ તેમજ સ્ત્રીનો પડછાયો પાડવા નહી દીયે અને આઠમે દીવસે સ્નાન કરી

તે રાખને ક્ષેત્ર નદીમાં)) પધરાવી અને ક્ષેત્રથી માટીથી રાખને બાળેલી જગો લીપી સાફ કરે તો જગતના બધા તીરથો કર્યાનું ફળ તથા મોટા મોટા યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય અને મરનાર વૈકુંઠવાસ પામે અને બાળનાર તથા તેની ક્રીયા કરનારને હંમેશાં આશીષ આપે.

શિક્ષા ૯૫ મી—હે અરજુન ! સૂર્યના પ્રકાશ (તડકો) હોય અને તેવામાં વરસાદ વરસતો હોય તેમાં જે કોઈ માણુસ નહાય તો તેને ગંગાસ્નાન કર્યા બરોબરનું ફળ મળે છે.

શિક્ષા ૯૬ મી—હે અરજુન ! જે મનુષ્ય સુર્ય અસ્ત વખત અન્નજળ લે અથવા દીશાએ જાય તો તેને મહા દોષ લાગે છે કારણ કે તે વખતે સૂર્ય અને દૈત્યને યુદ્ધ થાય છે વાસ્તે સુર્યાસ્ત વખતે માણુસોએ ઇશ્વરના ધ્યાન સિવાય બીજું કામ કરવું નહિ અને જે વખત સુર્યને જળ અર્પણ કરે તે સૂર્યનારાયણના આશીરવચનથી હમેશાં સુખ પામે અને જે માણુસ આ વખતે ખરાબ કામ કરે તે ઘણા વર્ષ સુધી દુ:ખી થઇ દરિદ્રિ રહે. વળી આપણે જાણવું જોઇએ કે સૂર્ય આથમ્યા પહેલા ચાર ઘડી અને અસ્ત થયા પછી રાત્રીની ચાર ઘડી સવારમાં સુર્ય ઉદય પહેલાં ચાર ઘડી અને ઉદય થયા પછીની ચાર ઘડી દીન ચડયા પછી જે માણુસ બીછાનામાં સુઇ રહે તો તેને

સુર્યના શ્રાપે કરી મહા દોષ લાગે છે અને જે માણસ આ બે વખતે પરમ દયાળુ પરમેશ્વરના ધ્યાનમાં સ્થિર મન લગાડી વેદ, પુરાણ આદિનો પાઠ કરે તો સર્વ કરેલાં પાપોથી મુક્તિ પામી અંતે વૈકુંઠમાં વાસ પામે અને આ ભવમાં લક્ષ્મી તથા સંતાનનું ઘણું સુખ ભોગવે.

શિક્ષા ૯૭ મી—હે અરજુન! જે માણસ પાત્ર વિના એક હાથમાં રોટલી રાખી બીજે હાથે ખાય તો તે થોડા વખતમાં દરિદ્રી થાય છે.

શિક્ષા ૯૮ મી—હે અરજુન! જે માણસ બીજાના ધન, સંતાન, આબરૂમાં જોર જુલમથી વિઘ્ન કરે તે આ લોકમાં નિર્ધન અને અંતકાળ પછી નરકનો અધીકારી થાય અને આવતા જન્મમાં સંતાન વિનાનો રહે.

શિક્ષા ૯૯ મી—હે અરજુન! જે પુરૂષને પુત્ર નથી તે સંસારમાં પરમાત્માથી પણ સન્માન પામતા નથી અને અંતકાળે નરકનો અધિકારી બીજા જન્મમાં પુત્ર બિનાનો રહે છે.

શીક્ષા ૧૦૦ મી—હે અરજુન! જે સ્ત્રી બાળકને જન્મ આપે છે તે દિવસથી ૪૫ દિવસ સુધી તે સ્ત્રીના હાથનું જળ તથા અન્ન ખાય તો આ દોષથી પિતૃઓ સ્વર્ગમાં હોય તે નરકમાં જઇ વાસ કરે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ! જે મનુષ્યના કુટું-

ઘરમાં તે સ્ત્રી સિવાય બીજું કોઈપણ માણસ ન હોય અને નિર્ધન હોય તો તેણે શું કરવું ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે વધુમાં વધુ ૨૩ દીન અને ઓછામાં ઓછું ૧૩ મે દીવસે જો સ્ત્રી ગંગાજળનું સ્નાન કરી પોતાના ગજા પ્રમાણે પુણ્યદાન કરે છે તેના હાથનું ભોજન ખાવાને દોષ નથી. આ સાંભળી અરજુને શ્રી કૃષ્ણ ભગવાનને હાથ જોડી વિનંતી કરી કે હે ત્રિલોકના નાથ અધમ ઓધારણ ! આ આજ્ઞા સાંભળી જેમ દીવો અંધારામાં ઉજાશ આપે છે તેમ મારા મનમાં જ્ઞાનરૂપી દીવાથી અજવાળું થયું છે, વાસ્તે કૃપા કરી બીજી પણ આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તું મારો પરમભક્ત છે તેથી હું તને જે દેવતાઓ પણ જાણતા નથી તેવી આજ્ઞા કહું છું.

શિક્ષા ૧૦૧ મી—હે અરજુન ! જે માણસ પોતાના મનને પ્રસન્ન રાખી પુન્યદાન કરે છે તેને ઘણું ફળ મળે છે અને જે ક્રોધ લાવીને અથવા મન ઉદાસ રાખીને પુણ્ય દાન કરે અને લેનારના મનને બહુ બળાપો કરાવે તેનું પુણ્યદાન નિષ્ફળ થાય અને મહા પાતકી થાય છે,

શિક્ષા ૧૦૨ મી—હે અરજુન ! જે જે માણસ પોતાના દીકરાના બીજાના ખોળે સોંપે તો તે દીકરાના હાથનું જળ ખોળે સોંપનાર બાપને પહોંચતું નથી કદાચિત આપેલા છોકરાને પાછો લે તો તે છોકરો જુવાન થઇને

મરી જાય છે અને તે ન મરે તો બીજો પુત્ર મરી જાય છે. અને આગલા જન્મમાં ધન સંતાનનું સુખ નહિં પામતાં નરકમાં જઇ વાસ કરે છે. આ સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે હે સચ્ચિદાનંદ પ્રભુ! કોઇ માણસ આપેલ પુત્રને અજ્ઞાનથી પાછો લે તો તે પાપથી કેવી રીતે છુટે! ત્યારે શ્રી કૃશ્ણે કહ્યું કે હે અરજુન! તે માણસ પોતાની સ્ત્રી તથા તે પુત્ર સાથે ગંગા આદિ તીર્થોમાં સ્નાન કરી પીળી, લાલ, ધોળી, કાળી, અને મધુરી એ પાંચે રંગવાળી પાંચ ગાય દુધ આપતી હોય તેવી, તેની ખરીયો તથા શિંગડાંને સોનું મઢાવી પાંચ બ્રાહ્મણોને પાંચ ગાયોનું દાન કરે અને પરિબ્રહ્મ પરમેશ્વર પાસે આ કરેલા પાપની માફી માગે તો આવા પાપથી છુટી પાછા લીધેલા દીકરાના હાથનું તર્પણ પહોંચે છે.

શિક્ષા ૧૦૩ મી—હે અરજૂન! જે માણસ સંગ્રામમાં યુધ્ધ કરતી વખતે પોતાની પાસે રહેલ ધન અને બળના અહંકારના શબ્દો બોલી અને પોતાના વેરીને બુરા વચનો ગાળો દઇ સંતાપે તો આ પાપે કરી સંગ્રામમાં હાર પામી નિષ્ફળ થઇ નાશી જઇ નુકશાન ભોગવવું પડે છે.

શિક્ષા ૧૦૪ મી—હે અરજુન! યુધ્ધ કરતાં શત્રુ શરણે આવે અથવા બળહિણ થઇ ઉઠી જાય તો તેને મારવો ઉચિત નથી. તે છતાં જો તે તેને મારે અથવા ઘાયલ

કરે તો તે પાપથી તેનો પુત્ર યુવાવસ્થામાં મરી જાય અથવા આગલા જન્મમાં તેની સ્ત્રી વાંઝણી રહે.

શિક્ષા ૧૦૫ મી—હે અરજુન ! જે માણસ કાગળ અથવા લાકડા પર મનુષ્ય આદિ જનાવરોના ચિત્રો બતાવે તો તે દોષને માટે આ જન્મમાં અથવા આગલા જન્મમાં ધન તથા સંતાનનું સુખ નહી પામતાં આંખે આંધળો થયા કારણ કે તે ચિત્ત નિર્જીવ છે પરંતુ ભગવાન આદિ દેવતાના ચિત્રોની પ્રતિષ્ટા કરવાથી સંતાનનું સુખ મળે છે.

શિક્ષા ૧૦૬ મી—હે અરજૂન ! જે મનુષ્યના મોઢામાંથી બોલતાં બોલતાં થુંક બહાર આવી બીજા માણસના શરીર ઉપર પડે તો તેના દોષને લીધે આવતા જન્મમાં કુકકરને પેટ અવતાર લઈ અંતકાળે નરકમાં જઇ વાસ કરે છે.

શિક્ષા ૧૦૭ મી—હે અરજુન ! જે માણસ પોતાના ધણીનો હુકમ નહીં માનતાં ઉન્મત થઇ જયાં ત્યાં વગર કામે ઉભો રહે અને સ્વામી શું કહે છે તે બરાબર ધ્યાનમાં નહિ લે તો તેને હંમેશાં દુઃખની પ્રાપ્તિ થાય અને નરકમાં, જઈને વાસ કરે. કારણ કે સ્વામીનો હુકમ ન માનવો એ સર્વથી મોટું પાપ છે, આ સાંભળીને અરજુને પુછયું કે હે જીવનનાથ, જગતબંધુ ? કોઇ વખત સ્વામી સેવકથી થઇ શકે એવું કામ ફરમાવે તો તેમાંથી કેવી રીતે છુટો થાય ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે જે સેવકને

કઠણ ચાકરી બની ના શકે એવી હોય તો સેવકે જે દીવસથી સ્વામીની આજ્ઞા લોપી હોય તેટલા દિવસનો પગાર નહિ લેવો. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે જગદિશ્વર ! જો કોઇ દિવસે સેવક સ્વામિની ચાકરી કરવામાં ભુલ કરે અને નિર્ધન અવસ્થાને લીધે પગાર પાછો આપવાની શક્તિ ન હોય તો કેવી રીતે આ પાપથી છુટે ! ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જે પગાર તેને મળતો હોય તેનો ચોથો હીસ્સો પુણ્યદાનમાં વાપરે અને પરમ દયાળુ પરમેશ્વરની પાસે માફી માગે તો આવા પાપથી છુટી અંતે સુખી થઈ વૃદ્ધિ પામે.

શિક્ષા ૧૦૮ મી—હે અરજુન ! જે માણસ ધર્મશાળા, હવેલી વગેરે જગાઓ બંધાતી હોય અને તે પુરૂં થયું ન હોય તેની અંદર બેસીને ભોજન કરે તો તેને દોષ લાગે છે પરંતુ જ્યારે મુકામ બરોબર તૈયાર થાય ત્યારે પોતાની સ્ત્રી સહિત પ્રતિષ્ઠા કરી પ્રતિક્રમાં કરે અને બ્રાહ્મણને મીઠાં ભોજન જમાડી ગૌ આદિ દાન કરી પોતાના કુટુંબ સહિત ત્યાં ભોજન કરે તો આ અશ્વમેધ યજ્ઞ કર્યાના ફળની બરોબર કરનારૂં ફળ પ્રાપ્ત થાય. અંતે આવાં કામો કર્યાથી ધનસંપતિ વગેરેનું સુખ ભોગવે.

શિક્ષા ૧૦૯ મી—હે અરજુન ! જે મનુષ્ય તીર્થસ્નાન તથા દર્શન યાત્રા કરવા જતાં રસ્તામાં કોઇની મિ-

જબાની (ખુશીનું જમણુ) જમવા રોકાય તો એ દોષથી આ જાતનું ફળ નિષ્ફળ ,થઇ જેણે આપણને મિજબાની આપી હોય તેને પ્રાપ્ત થાય છે, ત્યારે અરજુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત ભક્તવત્સલ! રસ્તામાં ભાઈ અથવા અંગના સગા તથા મિત્રની મિજબાની હોય ત્યાં રોકાયા વિના ન ચાલે તેવું હોય ત્યારે શું કરવું ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે જતી વેળા ન રોકતાં, આવતી વખતે મિજબાની લેવા રોકાય તેનો દોષ નથી. વળી તીર્થ તથા દેવસ્થાનની જગોમાં ભાઇ અથવા મિત્ર મિજબાની આપ્યા વિના ન જવા દે તો સ્નાન યાત્રાથી પરવારી ચાલતી વેળા તિર્થસ્નાનની સાત વાર પ્રદક્ષિણા કરી ચાલતી વખત મિજબાની લે અને પોતે તે મીજબાની નામે જમે તેથી વીસ ઘણું બ્રાહ્મણને જમાડે તો તેનો દોષ નહિ લાગતાં સ્નાનયાત્રામાં તથા તિર્થયાત્રા સફળ થાય.

શિક્ષા ૧૧૦ મી—હે અરજુન! જે માણસ પક્ષિના નાના બચ્ચાં તથા ઇંડાને અડે તથા બહાર નાંખી દે તો આ પાપના દોષથી સદા દરિદ્રી રહી પોતાના જુવાન પુત્ર ગુમાવે એટલુંજ નહિ પણ અંત સમયે નરકનો અધિકારી થઇ આવતા જન્મમાં સંતાનનું સુખ નહિ પામતાં દુઃખી રહે કારણ કે પક્ષી પોતાના બચ્ચાંને અડકતાં જુવે તો તે બીને ઉડી જાય છે અને પછી પોતાના બચ્ચાનું તે પક્ષી પાલન કરતું નથી તેથી તે ભુખ અને તરસથી મરી જાય

છે અથવા તરફડીયાં મારી નીચે પડે તો બિલાડાં કુતરાં વગેરે જનાવરો તેને મારી ખાઈ જાય છે માટે આ દોષ તે માણસને માથે પડે છે.

શિક્ષા ૧૧૧ મી —હે અરજુન! માણસોએ ગાયને દોતી વખતે તેના વાળ દુધમાં ન પડે એવી કાળજી રાખવી. કેમકે ગાયના વાળ તુટવાથી આપણને દોષ લાગે છે. જે કોઇ માણસ દુધને ગાળ્યા વિના ઉનું કરી પીએ તો તે માણસ દરિદ્રી થાય છે. આ પાપને સર્વથી મોટું ગણેલું છે માટે માણસોએ દૂધને ગાળી ઉનું કરી પીવું.

શિક્ષા ૧૧૨ મી—હે અરજુન! જે પુરૂષ અથવા સ્ત્રી છોકરાં રડતાં મુકી કુકર્મ કરવાને જાય અથવા છોકરાંને મારે તો બાળકના નિસાસાથી તે માણસ નરકમાં જાય છે અને સંસારમાં દુઃખી થઇ પુત્ર વિનાનો રહે અને તેને પુત્ર થાય તો તે જુવાન થઇ મૃત્યુ પામે અથવા તો તેના પિતૃદેવ સ્વર્ગમાં વસતા હોય તે નરકમાં જઈ વાસ કરે.

શિક્ષા ૧૧૩ મી—હે અરજુન! મનુષ્ય સવારમાં પોતાનું મોડું ધોયા વીના દુધ આદી કોઈ પણ ચીજ ખાય તો તે આ જન્મમાં સુખ ન પામતાં દુઃખ ભોગવે.

શિક્ષા ૧૧૪ મી—હે અરજુન! જે માણસ વૃક્ષ ઉપરથી કાચાં ફળ તોડે છે, તે મહા દોષવાળો કહેવાય છે ને આપણને ફળની અગત્ય હોય તો વૃક્ષ ઉપર ફળ બરાબર પાક ઉપર આવેથી તોડી ઉપયોગમાં લેવું.

શિક્ષા ૧૧૫ મી—હે અરજુન! જે માણુસ પોતાના ચાકરનો પગાર અને પોતાનું ધન ડુબાવે તો તે આ લોકમાં જન્મભર દુઃખી થઇ પુત્ર વિનાનો રહે અને પરલોકમાં સનમાન પામ્યા વીના નરકમાં જઈ નિવાસ કરે અને જે તેના પીતૃદેવતાઓ સ્વર્ગમાં વાસ કરતા હોય તે નરકમાં જઇ વાસ કરે.

શિક્ષા ૧૧૬ મી—હે અરજુન! જે મનુષ્ય દાનમાં આપવાની ચીજને પાત્રમાં મૂકી તેજ પાત્ર હાથમાં લઈ સંકલપ કરતી વખતે જો બ્રાહ્મણુ સ્વસ્તી એવો ઉચ્ચાર મુખમાંથી બોલી દે તો તે પાત્ર તથા હાથ પણુ સંકલ્પમાં આવી ગયા માટે તે પણુ આપી દેવું જોઇએ પરંતુ શરીરમાંથી હાથ છુટો કરીને અપાય નહી માટે હાથને બદલે સોનું રૂપું તથા તાંબું જે પોતાની શક્તિ પ્રમાણે તે ત્રણે ધાતુમાંથી ગમે તે ધાતુનો હાથ બનાવી બ્રાહ્મણુને આપે નહી ત્યાં સુધી તે હાથથી બ્રહ્મભોજન વગેરે સુકર્મ કામો કરવામાં આવે તેનું ફળ મળે નહી, અરજુને પ્રશ્ન કર્યો કે હે જદુનાથ? તે માણુસને ત્રણે ધાતુમાંથી એક ધાતુનો હાથ બનાવી બ્રાહ્મણુને આપવાની શક્તિ ન હોય તો તે કેવે પ્રકારે દોષથી મુકત થાય. ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે બ્રાહ્મણુને મન માનતી ચાદર ' કપડુ, શ્રદ્ધાથી આપે તો તે દોષને નીવારણુ થાય પણુ તે ચાદર અસલ વિદવાન

બ્રાહ્મણને આપે તોજ આ દોષથી છુટો થાય. નહિ તો તે દોષ માથે ચડેલો રહે.

શિક્ષા ૧૧૭ મી—હે અરજુન ! જે મનુષ્યની પરણેલી સ્ત્રી બાળ ગોપાળ મુકીને મરણ પામે તે મનુષ્યે બીજીવાર લગ્ન કરવું વાજબી નથી કેમકે તે સ્ત્રી બાલ ગોપાલ ઉપર સ્નેહ રાખી શકિત નથી તેથી તે દોષથી સ્ત્રી પુરૂષને નીચ યોનીમાં જન્મ લેવો પડે છે.

શિક્ષા ૧૧૮ મી—હે અરજુન ! જે પુરૂષ અથવા સ્ત્રી જારકર્મ સુખ ભોગવે નહિ તેમજ તેને કોઇ સાથે હેત પ્રીત ટકે નહીં અને અંતકાળ વખતે નરકમાં જઇ અનેક તરેહનો કસ્ટ ભોગવે માટે આવી તું ભુલ કોઈ દીવસ કરતો નહીં.

શિક્ષા ૧૧૯ મી—હે અરજુન ! જે મનુષ્ય ભાટ બાંઠ અને બલાટ આ ત્રણ જાતમાંથી કોઇ પણ માણસને ઘોડો અથવા બીજું કાંઇ આપે તો ભાટને આપનારની પુંઠે અવગુણ ભરેલી નકલો અથવા તેની બુરાઇ ગાય અને મોઢે ગુણ ગાય. ઉપલી જાતો લાજ કાજ ગ્રહબુધ્ધિ વિચાર એટલા વાનાથી રહીત કહેવાય છે તેથી કોઇ દાતાર પુરૂષ પૈસા આપે તો પછી આગલા જન્મમાં આપનાર માણસ ભાટ વગેરેને ઘેર જન્મ લે અને તે અંતકાળે ઘોર નરકમાં જઇ વાસ કરે આ સાંભળી અરજુને બે હાથ જોડી પોતાને માથે વીતેલી વાતનો અફસોસ કરી વીનંતી કરી ત્યારે

ઘનશ્યામ શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તારે ગયેલી વાતનો શોચ ન કરવો અને હવે પછી આ મારી શિક્ષા ધ્યાનમાં લઈ વર્તજે અને જે કોઈ માણસ શિક્ષા પ્રમાણે વર્તશે તેનું સદા ભલું થશે.

શિક્ષા ૧૨૦ મી—હે અરજુન ! જે માણસ દિશાએ અથવા પીશાબ કરી આવીને પુણ્ય અર્થે દાન કરે તેનું ફળ તેને પ્રાપ્ત નહી થતાં તેનો નિવાસ નરકમાં જાય.

શિક્ષા ૧૨૧ મી—હે અરજુન ! જે મનુષ્ય ચોથે દીવસે આંગળાંના નખ નહી ઉતરાવતાં આળસથી રાખે અને સાતમે દીવસે હજામત ન કરાવે તો જેટલું પુણ્યદાન કરે તેનું ફળ મળે નહી.

શિક્ષા ૧૨૨ મી—હે અરજુન ? જે માણસ ચઉદશને મંગળવારે અથવા અમાસને રવિવારે જન્મ થયો હોય તે તીથીં અથવા તે વારે જો તે પોતાના નખ ઉતરાવે તો તે મહા પાતકી થાય અને દેવતાઓના શ્રાપથી સદા દરિદ્રી રહે. ઉપરની તીથી વારના દેવતાઓ જુદા જુદા છે માટે તેઓની તે દીવસે પુજા કરે તો આ સંસારમાં પરમ સુખની પ્રાપ્તી મળે અને અંતકાળ સમયે વૈકુંઠમાં જઈ વાસ કરે.

શિક્ષા ૧૨૩ મી—હે અરજૂન ! મનુષ્ય આજની કરેલી રોટલી બીજે દીવસે જમવાના ઉપયોગમાં લીયે તો

તે માણસ સદા રોગવાળો રહે અને પોતાના પુત્ર પરિવારથી દુઃખ પામી અંતે નરકમાં વાસ કરે કેમકે ટાઢું ખાવાથી અન્નદેવ શ્રાપ આપે છે તેથી આ સંસારમાં સુખ નહીં ભોગવતાં અનેક જાતની શરીરે વ્યાધીઓ થઈ આવી બુદ્ધિમાં ઘટાડો તથા આળસ નીંદ્રાનો વધારો થાય છે, માટે કોઇપણ માણસોએ ટાઢું અન્ન ન ખાતાં તાજુ હમેશ ઉપયોગમાં લેવાથી ફાયદો છે પણ મીઠાઇ અથવા પકવાન ખાય તો તેનો દોષ લાગતો નથી.

શિક્ષા ૧૨૪ મી—હે અરજુન ! જે મનુષ્ય પોતાની સેવામાં હશમુખો તથા નીરલોભી રહે, બીજું ચાકરના ... નને દુઃખી ના કરે, ત્રીજું કોઇના ઉપર ક્રોધ ન કરે તે મ... લોકમાં તથા પરલોકમાં સુખ પામી અંતે વૈકુંઠમાં અખંડ વાસ કરે.

શિક્ષા ૧૨૫ મી—હે અરજુન ! શરણે આવેલા શત્રુને શસ્ત્રવડે નહિ હણતાં ઉપકાર વડેજ હણવામાં જે મોટાઇ માને તેને ધન્ય ગણાય છે. કદાચિત અજ્ઞાન પુરૂષ શસ્ત્ર વડે હણે છે તે હણાનારો સદગતી પામે છે હણનારની ગતી થતી નથી.

શિક્ષા ૧૨૬ મી—હે અરજુન ! જે મનુષ્ય એક ... ને બીજી જગ્યાએ રહેવા જાય છે અને તે ખાલી ... ખરાબ હાલત એટલે આફસુસ કર્યા વગર રાખી જગ્યાને તે જગ્યાના શ્રાપથી સંતાનનો નાશ થાય છે તેમાં ... જાય તો

કાંઇ સંદેહ સમજવો નહિ માટે મનુષ્યને અવશ્ય જાણવુ જોઇએ કે નવાને દેખીને જુનાને ભુલવું નહીં.

શિક્ષા ૧૨૭ મી—હે અરજુન ! જે મનુષ્ય બીજાનં આસ્તા ઉપર આધાર રાખી રહે તેને મોટો દરીદ્રી જાણવે કેમકે આપ સમાન બળ નહી અને મેઘ સમાન જળ નહી માટે મનુષ્યને ઉચીત છે કે અહોનીશ પરમાત્માન ધ્યાનમાં મગ્ન રહી પોત ... પુરૂષાતનથી જે કાંઇ બને ... કરવું કેમકે એવો એક પદાર્થ નથી કે તે મનુષ્યથી બન શકે નહિ પરંતુ ક્રીયાહીણ અજ્ઞાન આળસુઓથી બને નહી તેને અવતારે પશુ સમાન સમાજવો.

શિક્ષા ૧૨૮ મી—હે અરજુન ! મોટામાં મોટું તી... માબાપની સેવા છે પણ શકિત હોય તો બીજા જે ... તીર્થો છે તેમાંથી જે કાંઇ બને તે કરવું પણ જો શ... ના હોય તો ઘેર રહી માબાપની સેવા શુદ્ધ અંતઃકરણ... કરે તો તે બધાં તીર્થો કરતાં શ્રેષ્ટ છે.

શિક્ષા ૧૨૯ મી—હે અરજુન ! મનુષ્ય પોતાને ... આવેલા બ્રાહ્મણને બેસવાને આસન આપે નહી તો ... ઘરધણીની સંપતીનો નાશ થઇ દરીદ્રી બને છે કેમકે બ્રાહ્મણોની ગુદાએ દરીદ્રનો વાસો હોય છે અને તેથી આસન ન આપતાં ખાલી જમીન પર ઘરમાં બેસાડે તો તે દરીદ્ર ઘરમાં રહે છે પણ જો આસન આપ્યું હો... બ્રાહ્મણની ગુદાએજ રહે છે.

સમાપ્ત.